## જન્મદિને વધામણી


**લીનાબેન મહેતા**
સેક્રેટરી, અખિલ ભારતીય સામાજિક સ્વાસ્થ્ય સંઘ, ગાંધીનગર જિલ્લા શાખા
મો. ૯૪૨૭૫ ૨૨૭૩૩


**મંગળદાસ કે પટેલ**
નિવૃત્ત ઉપસચિવ, વિધાનસભા
મો. ૯૮૨૫૨ ૮૭૫૧૯


**જે ડી દવે**
નિવૃત્ત સંયુક્ત સચિવ
ફોન : ૨૩૨૨૫૨૭૫


**અપૂર્વા બી સિતવાડીયા**
મો. ૭૬૦૦૮ ૮૫૬૦૦


**હેતકુમાર પંકજકુમાર કાપડિયા**
મો. ૯૧૫૭૩ ૯૩૮૨૩


**દીર્ઘ દિગંત ભટ્ટ**
મો. ૯૪૨૯૬ ૦૦૯૮૩


**હેમાબેન તુષાર ભટ્ટ**
મો. ૯૮૯૮૫ ૭૭૫૪૫

# લોકગીત સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્તરે જે બી શાળાનો વિદ્યાર્થી પ્રથમ

ગાંધીનગર, તા. ૧૪

અખિલ ભારતીય ગાંધર્વ મહાવિદ્યાલય, મુંબઈ દ્વારા પ્રવેશિક પ્રથમ પરીક્ષા-૨૦૧૫ અંતર્ગત રાષ્ટ્રીય કક્ષાની લોકગીત સ્પર્ધાનું આયોજન તાજેતરમાં કરવામાં આવ્યું હતું, જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ધોરણ-૭ ડીમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી દર્શન



ગિરીશભાઈ પટેલે સુંદર લોકગીત રજૂ કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું અને પુરસ્કાર રૂપે લૅપટૉપ તથા પચીસ હજાર રૂપિયા રોકડા પ્રાપ્ત કર્યા હતા. રાષ્ટ્રીય કક્ષાએ સફળતા મેળવી શાળાનું, શહેરનું ને રાજ્યનું નામ રોશન કરવા બદલ દર્શનને શાળાના આચાર્ય નીવાબેન પટેલ તથા શાળા પરિવારે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.


નિકી હોસ્પિટલ સેક્ટર-૨૯ ખાતે સવારે રવિવારે સવારે વિનામૂલ્યે રોગનિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થાનિક નાગરિકોએ મોટી સંખ્યામાં કેમ્પનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નિમાવત)

### સુરમધુર સંસ્થા દ્વારા
# ગુરુવારે 'શૂરગાથા ગુજરાતની' નામે ભવ્ય મલ્ટીમીડિયા શોનું આયોજન




ગાંધીનગર, તા. ૧૪

'સુરમધુર', ગાંધીનગર દ્વારા ગુરુવારે 'શૂરગાથા ગુજરાતની' નામે મલ્ટીમીડિયા શોનું આયોજન કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી મયંક દવેએ આ અંગેની માહિતી આપતાં જણાવ્યું છે કે વીરતા અને વતનપરસ્તી, ધર્મ અને સ્ત્રી રક્ષણ તેમજ અખંડિતતા અને ભાઈચારા કાજે પોતાનાં જીવન સમર્પિત કરનારાં ગરવી ગુજરાતનાં નર અને નારી રત્નોની જાણી-અજાણી શૌર્ય-ગાથાઓને ગીત-સંગીત, નૃત્ય-નાટ્ય અને દૃશ્ય-શ્રાવ્ય જેવાં વિવિધ માધ્યમો વડે ગૂંથેલ, વિશાળ ઍલઈડી સૅટ્સ, વિઝ્યુઅલ ઈફેક્ટ અને સરાઉન્ડ સાઉન્ડ ટૅકનોલૉજીથી સજાવેલ તથા ગાંધીનગરના ૧૦૦ ઉપરાંત કલાકાર-કસબીઓ દ્વારા આ મલ્ટીમિડિયા શો તૈયાર કરવામાં આવ્યો છે. ગૌરવવંતા ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરતી ગુજરાતની જ લગભગ ૨૦ જેટલી શૌર્યગાથાઓને આ શોમાં સ્થાન આપવામાં આવ્યું છે.

મયંક દવેની આ પરિકલ્પના અને દિગ્દર્શન માટે કથા દોલત ભટ્ટે લખી છે, નાટ્ય દિગ્દર્શન અખ્તર સૈયદે કર્યું છે. ગાયકી અભિસંહ રાઠોડની છે, પ્રવક્તા હરીશ ભીમાણી, સૂત્રધાર ડૉ. રણજીત વાંક, પટકથા-સંવાદ સ્વ રૂદ્રદત્ત રાણા, ધ્વનિલ પારેખ અને મયંક દવેએ લખ્યા છે, નૃત્ય મહેન્દ્ર આણદાણીનું, વિઝ્યુઅલ ઈફેક્ટ નંદ દવેની, સિનેમેટોગ્રાફી ચંદ્ર ડિઝીટલ વર્લ્ડની, ધ્વનિ મુદ્રણ સુરમધુર સ્ટુડિયોનું અને સંગીત ધાર્મિક દવેનું છે.

ઓપન ઍર થિયેટર, ઘ-૫ પાસે, સૅક્ટર-૧૬ ખાતે આગામી તા. ૧૭ માર્ચ ને ગુરુવારે સાંજે ૭ કલાકે આ શો યોજવામાં આવ્યો છે. આ પ્રસંગને દિપાવવા રાજ્યપાલ ઓ પી કોહલી ઉપસ્થિત રહેશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
તેરા સુરૂર
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦..
**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રેજી)
૫.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧.૦૦
જય ગંગાજલ
૩.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૪**
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦
નીરજા
૧.૦૦, ૭.૧૫
શૂરવીર
૪.૦૦, ૧૦.૦૦
**સ્ક્રીન-૫**
તેરા સુરૂર
સવારે ૧૦.૦૦
જય ગંગાજલ
૧૨.૩૦

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.**
**- સંપાદક**

# જયપ્રકાશ વિદ્યાલય ખાતે માતૃભાષા સપ્તાહ ઉજવાયું

ગાંધીનગર, તા. ૧૪

જયપ્રકાશ વિદ્યાલય ખાતે માતૃભાષા સપ્તાહની ઉજવણી ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવી હતી. ગુજરાતી વિષયના શિક્ષક એસ એસ વિહોલે વિદ્યાર્થીઓને માતૃભાષા અને ગુજરાતી સાહિત્ય વારસા વિશે રસાળ શૈલીમાં વાત કરી હતી. ગુજરાતી ભાષાના સમર્થ કવિઓ, લેખકો, નિબંધકારો વિશે પણ તેમણે વિદ્યાર્થીઓને પરિચય આપ્યો હતો.

આચાર્ય રાકેશભાઈએ ગુજરાતી કહેવતો, રૂઢિપ્રયોગો, સમાનાર્થી, વિરોધી, તળપદા શબ્દો અને ગુજરાતી ભાષા પર સંસ્કૃતના પ્રભાવ વિશે માહિતી આપી હતી. શુદ્ધ વાચન, લેખન, કવિ-લેખકોનો પરિચય, વ્યાકરણ, કહેવતો જેવી વિશિષ્ટ પ્રવૃત્તિઓ આ ઉજવણી અંતર્ગત હાથ ધરવામાં આવી હતી.

# મહર્ષિ અત્રિ માધ્યમિક શાળામાં વાલી વર્કશૉપ

ગાંધીનગર, તા. ૧૪

મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા, પીંપળજ ખાતે વાલી વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. શાળાના ટ્રસ્ટી ભરતભાઈ હુંમરે બાળકોના ઉછેર અને બાળ મનોવિજ્ઞાન વિશે વાલીઓને ઊંડાણપૂર્વક માહિતી આપી હતી અનો આ અંગે વાલીઓના પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.



# જગન્નાથપુરીના જગદ્ગુરુ શંકરાચાર્ય નિશ્ચલાનંદ સરસ્વતી ગુજરાત પધારશે

### ૪થી ૬ એપ્રિલ દરમિયાન અમદાવાદ-બોપલ ખાતે સ્થિરતા કરશે : ૫ એપ્રિલના રોજ એક ભવ્ય ધર્મસભાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

જગન્નાથપુરીના જગદ્ગુરુ શંકરાચાર્ય નિશ્ચલાનંદ સરસ્વતીજી ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવી રહ્યાં છે.

એપ્રિલ મહિનાની તા. ૪થી ૬ એમ ત્રણ દિવસ દરમિયાન અમદાવાદનાં ભક્તોને દર્શન, સત્સંગનો લાભ આપશે અને સાથે જ તા. ૫ એપ્રિલનાં રોજ વિશાળ ધર્મસભા પણ યોજાશે.

આ અંગે વિગતો આપતાં ગુરુભક્ત દિપેનભાઈ દવેએ જણાવ્યું કે જગન્નાથ પુરીના જગદ્ગુરુ શંકરાચાર્ય, નિશ્ચલાનંદ સરસ્વતીજી તા. ૪થી ૬ એપ્રિલ દરમિયાન અમદાવાદ-બોપલ ખાતે સ્થિરતા કરશે અને ગુરુભક્તોને તેમનાં દર્શન અને સત્સંગનો લાભ મળશે. જ્યારે તા. ૫ એપ્રિલના રોજ એક ભવ્ય ધર્મસભાનું આયોજન પણ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત શહેરનાં જોધપુર ટેકરા ખાતે આવેલા શિવાનંદ આશ્રમ ખાતે સાંજે ૫.૦૦થી ૮.૦૦ દરમિયાન એક વિશાળ ધર્મસભાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ૫૦૦૦ કરતાં પણ વધુ સંતો, મહંતો અને ભક્તો ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે નવેમ્બર-૨૦૧૪માં પણ ગુજરાતની આઠ દિવસની મુલાકાતે આવ્યા હતા અને તે સમયે અમદાવાદ ખાતે રોકાણ કર્યું હતું. તેઓની આ ગુજરાતની મુલાકાત અંતર્ગત તેઓ ભાવનગર, વડોદરાની પણ મુલાકાતે ગયા હતા, જ્યાં વિવિધ ધાર્મિક, સામાજિક, અગ્રણીઓને મળ્યા હતા અને ભારતીય સંસ્કૃતિનાં પ્રચાર-પ્રસાર અને વર્તમાન સ્થિતિ સહિતની ઘટનાઓ અંગે માર્ગદર્શન આપ્યું હતું.


સનફ્લાવર હૉસ્પિટલ દ્વારા રવિવારે સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ હૉલ, સૅ-૭ ખાતે નિઃશુલ્ક વંધ્યત્વ નિવારણ કેમ્પ યોજાયો હતો અને ત્યારબાદ દંપતિઓનું કાઉન્સેલિંગ પણ હાથ ધરવામાં આવ્યું હતું. સંતાનપ્રાપ્તિની ઈચ્છા ધરાવતાં યુગલો આ કૅમ્પમાં જોડાયા હતા. (તસવીર : કશ્યપ નિમાવત)

### માનવ

સંકલ્પ વિકલ્પમાં ઉલઝાતો માનવી
આશા ને નિરાશામાં અટવાતો માનવી
રાત્રી અંધકારમાં અથડાતો માનવી
શમા પરવાનામાં ઉલટતો માનવી
માન અપમાનમાં ફરકતો માનવી
લાગણી માગણીમાં સલવાતો માનવી
માયા ને મમત્વમાં પીગળતો માનવી
શોક ને આનંદમાં નિખરતો માનવી
ધરતી આકાશમાં ધબકતો માનવી
પ્રકૃતિ પૌરૂષથી વિકસતો માનવી
યોગ સહયોગથી ઉભરતો માનવી
વિશ્વાસ કર્મણ્યથી ઝબકતો માનવી
માનવી મનનિયંત્રણ કર્યેથી માનવ
માનવી સત્ય પ્રેમ કરુણાથી માનવ

**- સુમંતભાઈ શાહ**

# મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં, મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના




આ ડાળ ડાળ જાણે કે રસ્તા વસંતના
ફૂલો એ બીજું કંઈ નથી, પગલાં વસંતના
મલયાનિલોની પીંછી ને રંગો ફૂલોના લૈ
દોરી રહ્યું છે કોણ આ નકશા વસંતના
આ એક તારા અંગે ને બીજો ચમન મહીં
જાણે કે બે પડી ગયા ફાંટા વસંતના
મ્હેકી રહી છે મંજરી એકેક આંસુમાં
મ્હોર્યા છે આજ આંખમાં આંબા વસંતના
ઊડી રહ્યા છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયે થયા છે આજ તો છાંટા વસંતના
ફાંટુ ભરીને સોનું સૂરજનું ભરો હવે
પાછા ફરી ન આવશે તડકા વસંતના

**- મનોજ ખંડેરિયા**

સવારના પહોરમાં આંગણામાં કચરો વાળું છું. અને ખરખર... કરતાં લીમડાનાં કેટલાંયે સુક્કાં પાંદડાં ખરી પડે છે. અને મારી મહેનત વધારી મૂકે છે. હજુ કેટલાં પાંદડાં ખેરવશે આ લીમડો ! એમ વિચારીને ઊંચે જોઉં છું તો કૂણાં-કૂણાં લાલાશ પડતાં લીલાં પાંદડાંથી લીમડો તાજોમાજો લાગતો હતો. લીલોછમ્મ... અને ઘટાદાર. પાનખરની ઋતુને જોરદાર મ્હાત આપીને લીમડો વસંતને આવકારતો હતો. હજ્જારો પાંદડાં ખર્યાનો સ્હેજ પણ રંજ નહીં પણ નવાં પાંદડાંને આવકારતો ખુશખુશાલ લીમડો. પછી, ચારેબાજુ નજર ફેરવી તો આંબો, આસોપાલવ, ગરમાળો, ગુલમહોર... બધાંય એ જ રસ્તે ચાલતાં હતાં. થડ પાસે સુક્કાં પાંદડાંનો ઢગલો અને ડાળખીઓ તાજાં ફૂટેલાં લીલાંછમ્મ પાંદડાંથી ભરપૂર...



આ વસંત છે. પાનખર ને અવગણીને ફૂટેલી વસંત છે. દિવસના આખરે કરમાઈ જતાં હોવા છતાં રોજ સવારે નવાં ખીલતાં રંગબેરંગી ફૂલો.... આ વસંત છે. કડકડતી ઠંડી અને બરફના કરા પડે એવાં તોફાનો સામે ઝઝૂમીને, કૂણા તડકાની હૂંફ મેળવીને પણ ખીલી ઊઠતાં ફૂલો... આ વસંત છે.

મનોજ ખંડેરિયાનું 'રસ્તા વસંતના' ખૂબ જ લોકપ્રિય અને અતિપ્રસિધ્ધ આ કાવ્ય મને પણ ખૂબ જ ગમે છે. તેથી મેં તો મારી કૉલમનું નામ પણ રાખી દીધું કે 'રસ્તા વસંતના'... અને આમ જોઈએ તો આપણે પણ એવું નથી બનતું ? કે નાની મોટી તકલીફો કો સમસ્યાઓ આપણને થોડાં-થોડાં ડગમગાવી જાય છે. પણ તોયે આપણે એ બધું ખંખેરીને પાછા નવેસરથી મંડી પડીએ છીએ. કેમકે આપણામાં પણ 'વસંત' જીવે છે. ભલેને પાનખર ગમે તેટલું જોર લગાડીને આપણાં સુક્કાં પાંદડાં ખેરવી નાખે...

કેમકે પરિવર્તન બધે જ છે. અથવા કહો કે પરિવર્તન એ જ મુખ્ય રંગ છે. આખી સૃષ્ટિનો. દરિયો, નદી, પર્વત, ખીણ, ખડકો - બધાં કોઈનું ને કોઈનું પરિવર્તન છે. આ સૃષ્ટિમાં શાશ્વત કશું નથી. પાનખર ચાલી રહી છે તો ગભરાવાની જરૂર નથી. વસંત ચોક્કસ આવશે અને વસંત હોય તો અભિમાન કરવાની સ્હેજ પણ જરૂર નથી. પાનખર નિશ્ચિત છે.

તો સતત પરિવર્તનશીલ આ સૃષ્ટિના ભાગરૂપ આપણે પણ કેમ ના બદલાઈએ ? જે ઋતુ હાલ ચાલી રહી છે તેને જ સ્વીકારીને કેમ ના માણીએ ? સરસ મજાનો સૂર્ય પ્રકાશી રહ્યો છે તો પાલવ ફેલાવીને એનું 'સોનું' ઝીલી લઈએ.

મલયાનીલોની હળવી ઠંડી લ્હેરખીનો સ્પર્શ માણી લઈએ. વિતી ગયેલી પળોમાંથી સુમધુર યાદો જ ગાંઠે બાંધી લઈએ. ચોતરફ વેરાયેલાં સુક્કાં પાંદડાંમાંથી બહાર નીકળીને, તાજી ફૂટેલી કૂંપળોને આવકારીએ કેમકે આ 'વસંત' છે.

અને આજે વસંત નથી તો ક્યારેય વસંત નથી. કેમકે આવતીકાલ કોઈની પાસે નથી. સૌની પાસે 'આજ' જ છે.

ઊડી રહ્યા છે યાદનાં અબીલ ને ગુલાલ
હૈયા થયા છે આજ તો છાંટા વસંતના

### ફાગણ આયો



ફાગણિયો ફાલ જોઈ લાલઘૂમ કેસૂડો
હળવું હસીને કરે વાત...
આંખના ઈશારે પેલો ગુલમહોર કહી જાય
ભીતરના ભીના કંઈ ભાવ...
વાટે ને ઘાટે વળી ફોરમતાં ફૂલોએ
માંડ્યો છે મઘમઘતો હાટ...
વ્હાલપની વાટમાં વાયરાએ વેરી છે
વ્હાલભર્યા હૈયાની વાત...
આંબાની ડાળીએ કાળી કોય વળી
માંડે છે ફોરમતા ફાગણની વાત...
ડાળીઓને ફૂટી કંઈ તાજી તે નજરું ને
આસપાસ કોકના હોવાનો ભાસ...
ઊઠ્યા ઉમળકાનો અવસર મનાવીએ
આવ્યો છે ફાગળ લઈ હોળી...
આંખની કટોરીએ ભર્યો ગુલાલ આજ
છાંટે છે કોઈ ગોરી ગોરી...

**- શૈલેષ પંડ્યા**